મહત્તમ : ૩૭.૮ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૩૫ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૪,૩૬૨ ઘરોનો સર્વે

જિલ્લાના ચાર તાલુકામાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૬૩ હજારથી વધુ પરિવારનો સર્વે કરાયો : જિલ્લાના ચાર તાલુકામાં બહારથી આવેલા ૫૭૦ મુસાફરોમાંથી ૧૫૨નો ૧૪ દિવસનો ઓબ્ઝર્વેશન પીરિયડ પૂર્ણ થયો

ગાંધીનગર, તા.૨૪

નોવેલ કોરોના વાયરસ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાના ૬૩ હજારથી વધુ પરિવારનો સર્વે કરવાનું કામ કરવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં કુલ- ૧૪,૩૬૨ ઘરોનો સર્વે કરવામાં આવ્યો છે.

નોવેલ કોરોના વાયરસને ડામવા માટે ગાંધીનગર જિલ્લા આરોગ્યની ટીમ ખડેપગે પોતાની ફરજ અદા કરી રહી છે. આ કામગીરીને વધુ અસરકારક કરવાના ઉમદા આશયથી અને લોકોમાં જાગૃતિ લાવવા માટે હાઉસ ટુ હાઉસ સર્વે શરૂ કરવામાં આવ્યો હતો. આ સર્વે દરમ્યાન તા. ૨૪મી માર્ચ સુધીમાં ગાંધીનગર તાલુકાના ૭૪ ગામોના ૧૮,૪૮૮ પરિવારનો, દહેગામ તાલુકામાં ૯૬ ગામોના ૧૮,૨૭૫ પરિવાર, માણસા તાલુકાના ૫૬ ગામોના ૧૦,૧૩૫ પરિવાર અને કલોલ તાલુકાના ૬૬ ગામોના ૧૬,૨૨૫ પરિવારનો સર્વે કરવામાં આવ્યો છે. આમ અત્યાર સુધીમાં જિલ્લાના ૨૮૯ ગામોનો સર્વે કરીને ૬૩,૫૨૩ પરિવારની આરોગ્યની ટીમે મુલાકાત લીધી છે. જેમાં ૨,૯૭,૫૬૩ વ્યક્તિઓનો સમાવેશ થાય છે. આ હાઉસ ટુ હાઉસ સર્વે દરમ્યાન ચારેય તાલુકામાં કુલ ૧૧૫૮ વ્યકિત બિમાર હોવાનું માલૂમ પડયું હતું. તેમજ કુલ – ૭૩ જેટલા વ્યકિત પરદેશ અને અન્ય રાજયમાંથી આવેલા હોવાનું માલૂમ પડયું છે.

વધુમાં અત્યાર સુધી ૫૭૯ લોકોને આયુર્વેદિક ઉકાળા તથા ૪૨૧ વ્યક્તિઓને હોમિયોપેથિક દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. આજથી જિલ્લા વિકાસ અધિકારીશ્રીની સૂચના મુજબ જિલ્લાની આંગણવાડી વર્કર અને તમામ પ્રાથમિક શાળાના શિક્ષકોની અલગ અલગ ટીમો બનાવી તેમના દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં કુલ- ૩૦૬ ગામોમાં ૧૦૦૪ આંગણવાડીની કાર્યકરો અને ૪,૭૮૯ શિક્ષકો દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં કુલ- ૫૮૫ મુસાફરો આવ્યા હતા. જેમાંથી ૧૫૨ મુસાફરોએ ૧૪ દિવસનો ઓબ્ઝર્વેશન પીરિયડ પસાર કરેલ છે. તેમજ ૩૭૦ મુસાફરો ૧૪ દિવસના ઓબ્ઝર્વેશન પીરિયડમાં છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં તા. ૨૩મી માર્ચના સુધીમાં કુલ – ૧૩૬ ટીમો દ્વારા ૧૪,૩૬૨ ઘરોનો સર્વે કરવામાં આવ્યો છે. જેમાં ૬૦ વર્ષથી ઉપરના ૪૬૧૩ વ્યકિતઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે. જેમાંથી ૭ વ્યકિતઓને શરદી અને ૬ વ્યકિતઓને ખાંસી હોવાનું માલૂમ પડયું છે. તે ઉપરાંત તાવના ૧૧૯, શરદીના ૩૮૦ અને ખાંસીના ૧૮૯ વ્યકિતઓ સર્વેમાં નોંધાયા છે.

કોરોનાની કટોકટીમાં કડી કેમ્પસ કવૉરોન્ટાઈન સુવિધા માટે તૈયાર

હોસ્ટેલમાં ૨ હજાર વ્યકિતઓને કવોરોન્ટાઈન કરી શકવાની તૈયારી : ૧ હજાર પરિવારોને એક સપ્તાહ સુધી ચાલે તેટલી અનાજ-કરિયાણાની કીટ તૈયાર : પાંચ હજાર વ્યકિતઓને સળંગ ૧૦ દિવસ જમાડવાની વ્યવસ્થા પણ તૈયાર

ગાંધીનગર, તા.૨૪

કોરોનાના કહેરને પગલે સમગ્ર સરકારી વહીવટી તંત્ર વ્યવસ્થા ગોઠવવા માટે સાબદું થઈ કાર્ય કરી રહ્યું છે. કોરોના વાઈરસના ત્રીજા તબક્કામાં તેના કેસોમાં ખૂબ મોટો વધારો થઈ શકે તેવી શકયતાઓને પગલે વહીવટી તંત્ર દ્વારા જિલ્લામાં કવૉરોન્ટાઈન સુવિધા માટે વિવિધ શૈક્ષણિક સંકુલો અને તેની હોસ્ટેલોને તૈયાર રાખવા નિર્દેશો આપી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યુ છે. આ સ્થિતિમાં ગાંધીનગરની કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ગાંધીનગર તથા કડી ખાતેના સંકુલો, કડી સર્વ વિશ્વ વિદ્યાલયનું ગાંધીનગર સંકુલ તથા શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનું કડી સંકુલ વગેરે કવૉરોન્ટાઈન સુવિધા માટે તૈયાર રાખવામાં આવ્યા છે. આ સાથે એક હજાર પરિવારને એક સપ્તાહ ચાલે તેવી કરિયાણા-અનાજની કીટ તૈયાર રખાઈ છે.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંલગ્ન આ તમામ સંકુલો હાલ લૉકડાઉન સ્થિતિમાં રાખવામાં આવ્યા છે પરંતુ જરૂર પડે ત્યારે કવૉરોન્ટાઈનમાં ૨ હજાર વ્યકિતઓને રાખી શકાય તેવી વ્યવસ્થા કડી અને ગાંધીનગર ખાતેના કેમ્પસની હોસ્ટેલોમાં તૈયાર કરી રાખવામાં આવી છે. આ સાથે સમાજમાં રહેતા તમામ નિરાશ્રીતો માટે રોજના પાંચ હજાર વ્યકિતઓને સળંગ દસ દિવસ સુધી ભોજનની સુવિધા આપી શકાય તેવી સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. એટલું જ નહી એક જ પરિવારના ચાર સભ્યોને એક અઠવાડિયા સુધી ચાલે તેટલું કરિયાણું, અનાજ અને તેલ જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની એક હજાર કીટ પણ ગાંધીનગર કેમ્પસ ખાતે તૈયાર રાખવામાં આવી છે. કોરોના મહામારી અંકુશમાં આવે ત્યાં સુધીમાં જે પણ કોઈ પરિસ્થિતિ સર્જાય તેમાં જો કટોકટીભરી સ્થિતિ આવે તો એક હજાર પરિવારોને આ કીટ થકી તેમના ઘર સુધી સીધું સામાન પહોંચાડી શકાય તે માટે વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. આ માટે કેમ્પસના કવાટર્સમાં રહેતા કર્મચારીઓને કોરોના સંદર્ભે આરોગ્ય વિભાગની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાની સૂચના સાથે તેમનું દરરોજ થર્મોસ્કેન કરીને શરીરનું તાપમાન ચકાસવામાં આવી રહ્યુ છે અને ટીમ સાથે જરૂરિયાતના સમયે ઉપયોગમાં લેવા સ્કૂલબસોને પણ સેનેટાઈઝડ કરી રાખવામાં આવી છે જે સ્ટેન્ડબાય તૈયાર રખાઈ છે.

ઈમરજન્સીમાં સંસ્થાનો સંપર્ક કરવા મોબાઈલ નંબર જાહેર કરાયાં

કડી કેમ્પસ દ્વારા હોસ્ટેલને કવૉરોન્ટાઈન સુવિધા માટે, કેમ્પસના કવાર્ટસમાં રહેતા સ્ટાફને કીટ વિતરણની સેવા માટે તેમજ સ્કૂલબસોને સેનેટાઈઝડ કરી જરુર સમયે ઉપયોગમાં લેવા ખડે પગે તૈયાર રાખવામાં આવી છે. આ સાથે કોઈ પણ ઈમરજન્સી સમયે સંસ્થાનો સંપર્ક કરવા માટે મોબાઈલ નંબર જાહેર કરયા છે. જેમાં ગાંધીનગર માટે ૯૮૨૪૬૭૯૩૩૮ અને કડી માટે ૯૮૯૮૧૨૭૬૭૧ પર સંપર્ક સાધી શકાશે.

વાવોલની કેશવપાર્કમાં એક રહીશ દ્વારા હેન્ડ સેનેટાઈઝરનું વિના મૂલ્યે વિતરણ...!!

ગાંધીનગર, તા.૨૪

નોવેલ કોરોના વાઈરસને પગલે જે સંકટભરી સ્થિતિ પેદા થઈ છે તેનાથી બચવા અત્યારે તો જનજાગૃતિ એકમાત્ર શ્રેષ્ઠ ઉપાય છે કેમ કે હજુ સુધી આ મહમારીને અટકાવવા માટે કોઈ દવા કે રસી સંશોધિત થઈ શકી નથી. આ સંજોગોમાં દેશના વડાપ્રધાનથી માંડીને મુખ્યમંત્રી અને મેયર સુધ્ધાં દ્વારા નાગરિકોને સતત સોશિયલ ડિસ્ટન્સિગ અપનાવવા સાથે વારંવાર સેનેટાઈઝર દ્વારા હેન્ડ વૉશ કરવા માટે અનુરોધ કરવામાં આવી રહ્યો છે. જો કે પરિસ્થિતિ એવી છે કે સેનેટાઈઝરનો મર્યાદિત જથ્થો બજારમાં જોવા મળી રહ્યો છે અને કેટલાંક મેડીકલ સ્ટોર્સ પર સેનેટાઈઝરનો સ્ટોક ઉપલબ્ધ નથી તેવી સ્થિતિ પણ જોવા મળે છે. આ સ્થિતિમાં ગાંધીનગરના વાવોલની કેશવ પાર્ક સોસાયટીમાં એક જાગૃત રહીશ જીતુભાઈ પટેલ દ્વારા પોતાના પડોશીઓને હન્ડ સેનેટાઈઝરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે. જીતુભાઈ દ્વરા સોસાયટીના તમામ રહીશોને હેન્ડ સેનેટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યું છે. કોરોના વાઈરસની મહામારીના આ સમયમાં જીતુભાઈનું આ પગલું ખૂબ જ આવકારદાયક છે અને કેશવ પાર્ક તથા અન્ય સોસાયટીના અગ્રણીઓએ તેમને બિરદાવ્યા હતા.

આખો દિવસ અને મોડી રાત સુધી સતત ધમધમતુ રહેતુ એસટી બસ સ્ટેન્ડ અત્યારે સાવ સુમસામ લાગી રહ્યુ છે. કોરોના ઈફેક્ટને પગલે વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી દેવાતા બસોને બસસ્ટેન્ડમાં પાર્ક કરી દેવાઈ છે. બસસ્ટેન્ડને દરવાજા ન હોવાથી બંને ગેટની આગળ બસોને ખડકી દઈ બસસ્ટેન્ડને બંધ કરવામા આવ્યુ છે.

વલાદ ગામેથી જુગાર રમતા ૭ શકુની ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા વલાદ ગામના વ્યાસવાળામાં જુગાર રમતો હોવાની બાતમી ડભોડા પોલીસને મળી હતી. પોલીસે સ્થળ પર જઈને તપાસ કરતા જુગાર રમી રહેલા ભરત પ્રવિણ વ્યાસ, મનિષ ઈશ્વર દરજી, રાકેશ પ્રમોદ વ્યાસ, ભકિત બળદેવ વ્યાસ, દિલિપ દશરથ વ્યાસ, ગૌરાંગ ભાનુ વ્યાસ, અનિલ હસમુખ પુરોહિત રંગેહાથ પકડાઈ ગયા હતા.પોલીસે તેમની પાસેથી ૧૧૫૫૦ રૂપીયાનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

એલસીબી દ્વારા વાહનચોરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા, અરવલ્લી, અને રાજસ્થાનના ઉદેપુર ખાતે થયેલી વાહનચોરીનો ભેદ ગાંધીનગર એલસીબી પોલીસે ઉકેલી નાંખ્યો છે. એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહને બાતમી મળી હતી કે એક કિશોર અને અશોક મીઠાલાલ ગાંઠીયા (ઉં.૨૦, ટેંગરવાડા ડુંગરપુર)ને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી નંબર વિનાનું કેટીએમ બાઈક મળી આવ્યુ હતું. આ બાઈક અંગે પુછપરછ કરતા ચોરીનું હોવાનું માલુમ પડ્યું હતું. તેઓએ પોતાના બે મિત્રો જીતુ મન્નાલાલ અહારી તેમજ નરેશ પ્રકાશ અહારી (બંન્ને રહે. ખેરવાડા, રાજસ્થાન) સાથે મળી એક વર્ષ પહેલા રાંદેસણની સોસાયટી ખાતેથી કેટીએમ બાઈકની ચોરી કરી હતી. આ ઉપરાંત ચારેય જણાએ ભેગા મળીને બીજા સાત બાઈકની ચોરી કરી હોવાની જણાવ્યું હતું. ચોરીના બાઈક આરોપીઓ સરગાસણ ચોકડી પાસે આવેલા શોંપીગ સેન્ટર પાસે ખુલ્લી જગ્યામાં આવેલા પાર્કીંગમાં મુકી રાખતા હતા. જેથી પોલીસે ૭ બાઈક સરગાસણ પાસેથી કબ્જે લીધા હતા. ૮ માંથી ૬ બાઈક ઈન્ફોસીટી, પાલડી, શામળાજી, ઉદેપુર, હિંમતનગર, ઈડર પોલીસ સ્ટેશનમાં ફરીયાદો નોંધાઈ છે. પોલીસે ૮ બાઈક અને ૧ મોબાઈલ મળીને કુલ ૨,૬૫,૫૦૦ નો મુદામાલ કબ્જે કરી આરોપીઓ સામે વધુ તપાસ હાથ ધરી છે.

'લોકડાઉન'ને ગંભીરતાપૂર્વક અનુસરવા વિનંતી કરતા મેસેજમાં વધારો થયો

સોશ્યલ મિડીયા પર કોરોનાની સ્થિતિમાં પણ ચાલી રહેલી મજાક-મસ્તી વચ્ચે સમજદાર નેટીઝન્સ પણ ગંભીરતા સમજાવવા સક્રીય બન્યા

ગાંધીનગર, તા.૨૪

કોરોનાને પગલે સોશ્યલ મિડીયા પર ખૂબ મજાક મસ્તી ચાલી અને હજુ પણ ચાલી રહી છે. ખાસ કરીને જનતા કરફર્યુના માહોલમાં આ સ્થિતિ વધુ જોવા મળી હતી પરંતુ હવે જયારે રાજય સરકારે લૉકડાઉનનો અસરકારક અમલ કરવાના પગલાં ગંભીરતાપૂર્વક લેવા માંડયા છે ત્યારે સોશ્યલ મિડીયા યુઝર્સમાં પણ ગંભીરતા આવતી જોવા મળી રહી છે. કોરોનાના આમ વધી રહેલા પોઝિટીવ કેસોની સંખ્યાના આંકડા જોઈને હવે શહેરીજનો એકબીજાને લોકડાઉનનું ગંભીરતાથી પાલન કરવા વિનંતી કરતા મેસેજીસ મોકલી રહ્યા છે.

સરકાર દ્વારા અગાઉ જનતા કરફર્યુ બાદ તા. ૨૫મી માર્ચ સુધી જાહેર જનતાને લોકડાઉન પાળવા વિનંતી કરવામાં આવી હતી પરંતુ નાગરિકોએ તેનો જેટલી ગંભીરતાથી લેવી જોઈએ તેટલી ગંભીરતાથી લીધી નહોતી. આ દરમિયાન કોરોના પોઝિટીવ કેસોમાં અચાનક ઉછાળો આવતા સરકાર સાથે નાગરિકોમાં પણ ફડક પેસી ગઈ અને રાજય સરકાર જયારે તા.૩૧મી માર્ચ સુધી કડક લોકડાઉનની જાહેરાત કરતા નાગરિકો પણ ચિંતાતુર જણાઈ રહ્યા છે. આ સાથે સમજદાર નાગરિકોના વર્ગ દ્વારા લોકડાઉનનો આવકાર આપવા સાથે તમામ નાગરિકોને તેનું ગંભીરતા પૂર્વક પાલન કરવા અને પોતાને આઈસોલેટ રાખવા વિનંતી કરતા તથા આરોગ્ય વિભાગની ગાઈડલાઈનને અનુસરવા તાકીદ કરતા સંદેશો મોકલવાની સંખ્યા વધી જવા પામી છે.

કોરોનાને પગલે સાઈ સંકુલ લૉક ડાઉન કવૉરોન્ટાઈન ફેસિલીટી માટે તૈયાર

ગાંધીનગર, તા.૨૪

કોરોના વાઈરસને પગલે વિશ્વભરમાં રમતજગત ઠપ્પ થઈ જવા પામ્યું છે. આ વર્ષે યોજાનાર ઑલ્મિપકથી માંડીને આઈપીએલ સુધી તમામ રમતોની સ્પર્ધાઓ પર જોખમ તોળાઈ રહ્યુ છે. દેશભરમાં અત્યારે રમતગમત ક્ષેત્રે તાલીમ આપતી સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના તમામ સેન્ટર્સ કોરોના કોવિદ-૧૯ના સંક્રમણની ભીતિને પગલે લૉક ડાઉન કરી દેવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગરના સેકટર-૧૫ ખાતેના સાઈના નેતાજી સુભાષ વેસ્ટર્ન ટ્રેનિંગ સેન્ટર સંકુલનો પણ સમાવેશ થાય છે. એટલું જ નહી સાઈ સંકુલનો જરૂર પડે આગામી સમયમાં કોરોનાના શંકાસ્પદ દર્દીઓને કવૉરોન્ટાઈન કરવા માટે ઉપયોગ થઈ શકે છે.

કેન્દ્રિય રમત ગમત વિભાગ દ્વારા દેશભરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના તમામ કેન્દ્રો પરની સુવિધાઓ જેવી કે સ્ટેડિયમ, હોસ્ટેલ વગેરેનો કવૉરોન્ટાઈન સુવિધા માટે ઉપયોગમાં લઈ શકાય તે માટે કેન્દ્રિય આરોગ્ય વિભાગ માટે તૈયારી દાખવી છે. ગાંધીનગરમાં સેકટર-૧૫ ખાતે આવેલા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સમગ્ર સંકુલને અત્યારે તો લૉકડાઉન કરી દેવામાં આવ્યું છે અને તમામ સ્પોર્ટસ કોર્સ બંધ હોવાને કારણે હોસ્ટેલમાં પણ કોઈ તાલીમાર્થીની ઉપસ્થિતિ નથી. આ સંજોગોમાં સાંઈ સંકુલ જિલ્લા આરોગ્ય તંત્ર માટે કવૉરોન્ટાઈન સુવિધા માટે ઉપયોગ કરવા એક શ્રેષ્ઠ વિકલ્પ બની શકે છે.

કોરોનાના ભય વચ્ચે પોલીસની માનવતા મહેંકી ઉઠી

ગાંધીનગર પોલીસે ૩૦૦થી વધુ શ્રમિકોની જઠરાગ્નિ ઠારી : શહેરની આસપાસ વિવિધ સ્થળોના શ્રમિકોને માસ્ક, ચા, પાણી, નાસ્તો અને ભરપેટ ભોજન કરાવ્યું

ગાંધીનગર,તા.૨૪

વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસના ભયના માહોલમાં રાજયમાં લોકડાઉનની સ્થિતિનું નિર્માણ થયેલુ છે ત્યારે ગાંધીનગર શહેરના પણ વિવિધ એન્ટ્રી પોઈન્ટ પર પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. શહેરમાં આવશ્યક ચીજવસ્તુઓ સિવાય કોઈને પણ અંદર પ્રવેશવા દેવામાં આવતા નથી. ત્યારે શહેરમાં અને આસપાસના વિસ્તારમાં રહેતા શ્રમિકોની હાલત કફોડી બની જવા પામી છે. રોજે રોજ મજુરી કરીને રોજે રોજ ખાતા શ્રમિકોનો કામ-ધંધો બંધ થઈ જતા શું ખાવુ અને કેવી રીતે જવુ તેની મથામણ ચાલી રહી હતી તેની વચ્ચે આજે પોલીસનો માનવતા વાદી ચહેરો મહેંકી ઉઠ્યો હતો.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી એમ.કે.રાણા અને તેમના સ્ટાફના અધિકારી-કર્મચારીઓ અને જવાનો રણાસણ સર્કલ, વૈષ્ણોદેવી સર્કલ, સેકટર-૩૦ સર્કલ, સરિતા ઉદ્યાન, શાહપુર ચોકડી, સરગાસણ ચોકડી, ચિલોડા બ્રિજ તેમજ શહેરના સેકટરોના આંતરીક માર્ગો પર વસવાટ કરી રહેલા અને ભુખ્યા તરસ્યા બેઠેલા શ્રમિકોને માસ્ક, પાણી, નાસ્તો, ફુડ પેકેટ વિતરણ કરવામાં આવ્યા હતા. ત્યારે પોલીસનું આ સ્વરૂપ જોઈને પણ શ્રમિકોના હૈયે આનંદ છવાયો હતો. જયારે ચિલોડા બ્રિજ નીચે ૨૦૦થી વધુ શ્રમિકોને ભોજન પુરુ પાડવામાં આવ્યું હતું. જયારે કેટલાક સ્થળે ચાલીને થાકી ગયેલા અને ફસાઈ ગયેલા શ્રમિકોને યોગ્ય જગ્યાએ પણ પહોંચાડ્યા હતા. કોરોનાના ભય વચ્ચે લોકડાઉનની સ્થિતિમાં ખડે પગે સેવા બજાવતા પોલીસનો માનવતાવાદી ચહેરો જોઈને સૌ કોઈ આનંદિત થઈ ગયા હતા.